**// આંક-૪૨ લગત હુકમ //**

અરજી વંચાણે લીધી. આ કામના આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી એ નામદાર કોર્ટ દ્વારા આરોપીઓનો ફરીયાદીની વધુ ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ હુકમ વિરુદ્ધ તેમણે નામદાર સેશન્સ કોર્ટમાં અરજી ફાઈલ કરેલ હોવાની અને તે અરજી નામદાર સેશન્સ કોર્ટમાં પેન્ડીંગ હોવાની હકીકત જણાવી ન્યાયના હિતમાં મુદત માંગતી હાલની અરજી કરેલ છે. પરંતુ આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી એ તેમણે દાખલ કરેલ અરજીનો નંબર તેમજ તે હાલ કયા સતેજ ઉપર છે તે બતાવતી કોઈ વિગત આ કામે રજુ કરેલ નથી કે તેને જાહેર કરેલ નથી. વધુમાં નામદાર સેશન્સ કોર્ટે તે અરજીના કામે કોઈ સ્ટે આપેલ છે કે કેમ તેવી પણ કોઈ વિગત આ કામે રજુ કરેલ નથી કે તેને જાહેર કરેલ નથી. ઉપરના એકંદર સંજોગોમાં આરોપીઓની હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે અને આંક-૧ લગત કરેલ હુકમ અન્વયે આરોપીઓનો વિશેષ નિવેદન નોધાવવા માટેનો હક્ક આથી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ:૧૧/૦૩/૨૦૨૬
અમદાવાદ.

Digitally signed by
CHAITANYAKUMAR GOPALDAS DESAI (GJ01211)
on 11/03/2026 16:04:46 IST.

**(ચૈતન્યકુમાર ગોપાલદાસ દેસાઈ)**
પ્રીસાઈડીંગ ઓફીસર
SARAS N.I. Court No.1
CJM Courts, Ahmedabad City
Code No. GJ 01211